# આવતીકાલથી શ્રાધ્ધ પક્ષ આરંભાય છે

**તારીખ ૧૦ થી ૨૫મી સપ્ટેમ્બર સુધી શ્રાધ્ધપક્ષ રહેશે : પિતૃપક્ષના ૧૫ દિવસના સમયમાં પૂર્વજો માટે પિંડદાન, તર્પણ અને શ્રાધ્ધ વિધિ કરવામાં આવે છે**





ગાંધીનગર, તા. ૮ ભાદરવા મહિનાની પૂર્ણિમાથી પિતૃપક્ષની શરૂઆત થાય છે. જે ૨૫ સપ્ટેમ્બર સુધી રહેશે. માન્યતા છે કે આ દિવસોમાં પિતૃઓના શુભ કર્મ કરવાથી પરિવારના દિવંગત સભ્યોના આત્માને શાંતિ મળે છે. હિંદુ ધર્મમાં ભાદરવા મહિનાની પૂનમથી લઈને આશો મહિનાની અમાસ સુધીનો સમય પિતૃપક્ષ તરીકે ઓળખાય છે. પિતૃપક્ષના ૧૫ દિવસના સમયગાળા દરમિયાન પૂર્વજો માટે પિંડદાન, તર્પણ અને શ્રાધ્ધ વિધિ કરવામાં આવે છે. ધાર્મિક માન્યતા છે કે આમ કરવાથી પૂર્વજોના આત્માને શાંતિ મળે છે. પિતૃપક્ષ વિશે એવું માનવામાં આવે છે કે આ સમય દરમિયાન પૂર્વજો કાગડાના રૂપમાં પૃથ્વી પર આવે છે આ સમય દરમિયાન કેટલાક કામ વર્જિત હોય છે.

### પિતૃપક્ષનું ધાર્મિક મહત્વ

હિંદુ ધર્મમાં પિતૃપક્ષ દરમિયાન પૂર્વજોની વિશેષ પૂજા કરવામાં આવે છે. અને તેમના મોક્ષની કામના કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પૂર્વજોનું શ્રાધ્ધ શ્રધ્ધાપૂર્વક કરવાથી વ્યક્તિને પૂર્વજોની સંપૂર્ણ કૃપા પ્રાપ્ત થાય છે. જેના કારણે તેને જીવનમાં દરેક પ્રકારના સુખ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. બીજી તરફ પૂર્વજોની ઉપેક્ષા કરવાથી વ્યક્તિને પિતૃદોષ લાગે છે જેના કારણે તેને જીવનમાં દરેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

### પિતૃપક્ષ સાથે જોડાયેલા નિયમ

પિતૃપક્ષ દરમિયાન કોઈ શુભ કાર્ય કરવામાં આવતુ નથી. આ દરમિયાન પિંડદાન, તર્પણ વગેરે પિતૃઓ માટે જ કરવાનો નિયમ છે. જે અંતર્ગત પરિવાર સાથે સંબંધિત મૃત વ્યક્તિની તિથિએ ગરીબને ભોજન કરાવવુ જોઈએ.

### પિતૃઓ સાથે અગ્નિદેવ પણ ધૂપ-ધ્યાન ગ્રહણ કરે છે

પિતૃપક્ષમાં પિતૃઓ માટે ધૂપ-ધ્યાન કરવામાં આવે છે. બળતા છાણા ઉપર ગોળ, ઘી, ભોજન અર્પણ કરે છે. આવુ કરવાથી પિતૃઓ સાથે જ અગ્નિદેવ પણ અન્ન ગ્રહણ કરે છે. માન્યતા છે કે અગ્નિદેવ સાથે ભોજન કરવાથી પિતૃદેવતા પણ જલ્દી તૃપ્ત થઈ જાય છે. એટલે પિતૃપક્ષમાં ધૂપ-ધ્યાન કરતા સમયે બળતા છાણા ઉપર જ પિતૃઓ માટે ભોજન અર્પણ કરવામાં આવે છે.

### આ વર્ષના શ્રાધ્ધ

| તારીખ | વાર | તિથિ |
|---|---|---|
| ૧૦-૯-૨૨ | શનિવાર | પૂનમ/પડવાનું શ્રાધ્ધ |
| ૧૧-૯-૨૨ | રવિવાર | બીજનું શ્રાધ્ધ |
| ૧૨-૯-૨૨ | સોમવાર | ત્રીજનું શ્રાધ્ધ |
| ૧૩-૯-૨૨ | મંગળવાર | ચોથનું શ્રાધ્ધ |
| ૧૪-૯-૨૨ | બુધવાર | પાંચમનું શ્રાધ્ધ |
| ૧૫-૯-૨૨ | ગુરૂવાર | છઠ્ઠનું શ્રાધ્ધ |
| ૧૬-૯-૨૨ | શુક્રવાર | સાતમનું શ્રાધ્ધ |
| ૧૮-૯-૨૨ | રવિવાર | આઠમનું શ્રાધ્ધ |
| ૧૯-૯-૨૨ | સોમવાર | નોમનું શ્રાધ્ધ |
| ૨૦-૯-૨૨ | મંગળવાર | દસમનું શ્રાધ્ધ |
| ૨૧-૯-૨૨ | બુધવાર | અગિયારસનું શ્રાધ્ધ |
| ૨૨-૯-૨૨ | ગુરૂવાર | બારસનું શ્રાધ્ધ |
| ૨૩-૯-૨૨ | શુક્રવાર | તેરસનું શ્રાધ્ધ |
| ૨૪-૯-૨૨ | શનિવાર | ચૌદશનું શ્રાધ્ધ |
| ૨૫-૯-૨૨ | રવિવાર | સર્વ પિતૃ અમાસનું શ્રાદ્ધ |

## નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ સેમીનાર યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા.૮ ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ,ગુજરાત સરકાર) પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે જિલ્લા કક્ષાના સાયન્સ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે "ટકાઉ વિકાસ માટે મૂળભૂત વિજ્ઞાનઃપડકારો અને સંભાવનાઓ" વિષય પર વિદ્યાર્થીઓ પી.પી.ટી અને ચાર્ટના માધ્યમ ધ્વારા રજૂઆત કરી હતી. સ્પર્ધાના મુખ્ય મહેમાન અને નિર્ણાયક તરીકે સરકારી વિજ્ઞાન કોલેજના પ્રોફેસર ડૉ.ઉમેશ તળપદા અને ડૉ.દીપેનભાઈ ગાંધી તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સાયન્સ સેમીનારમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાઓના ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિષયને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રથમ ક્રમે શ્રેષ્ટ સિંગ (અંબા સ્કુલ ઓફ એક્સીલેન્સ), દ્વિતીય ક્રમે પ્રિયાંક તડવી (એમ.બી.પટેલ.ઈંગ્લીશ મીડીયમ સ્કુલ) અને તૃતિય ક્રમે દરજી વર્ની (માઉન્ટ કાર્મેલ સ્કુલ ) વિજયી બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્રો આપી નવાજવામાં આવ્યા હતા. ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલા સ્પર્ધક આગામી સમયમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલે,વિજય સોલંકી એ સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.



ગાંધીનગર, તા.૮
ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ટ્રાફિક પોલીસ વતી એએસઆઈ ધર્મેન્દ્રસિંહ અને તેઓની ટીમ દ્વારા ટ્રાફિકના નિયમો અંગે વિદ્યાર્થીઓને રસ પડે તેવી ભાષામાં વકતવ્ય સાથે રોડ સેફટી અંગે સંજ્ઞાઓ, કાયદા અને દંડ વિશે ઉદાહરણ સહિત માહિતી આપી હતી.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર,તા.૦૮ તા. ૦૩/૦૯/૨૦૨૨ નાંરોજ સરકારી વિજ્ઞાન કોલેજ સેકટર-૧૫, ગાંધીનગર ખાતે CWDC સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર અને જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે વિધાર્થીનીઓમાં કાયદાકીય જાગ્રુતતા કેળવાય તે હેતુથી "કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન થયેલ હતું. આ શિબિરમાં ડીએલએસએ ગાંધીનગરનાં સભ્યો જયરામભાઈ સોની, ગોવિંદભાઈ પટેલ, દુર્ગેશભાઈ ઈરનપુરિયા, જીમિતભાઈ ત્રિવેદી, કુસુમબેન જોશી, મનીષાબેન ત્રિપાઠી તથા અતિથિ વિશેષ હાઈકોર્ટનાં વકીલ મિનેશભાઈ ઈરનપુરિયા તથા કોલેજનાં સ્ટાફ ગણે હાજરી આપી હતી. આ શિબિરમાં શ્રી દુર્ગેશભાઈ એ Basic concepts of criminal law અને " NALS act and victim compensation act 2019" ઉપર જયરામભાઈ સોનીએ સુંદર વ્યાખ્યાન આપ્યાં હતાં. આ શિબિરમાં ૧૫૦ જેટલી વિધાર્થીનીઓએ હાજરી આપી હતી અને પ્રિન્સીપાલ એમ.જી. ભટ્ટ, વાઈસ પ્રિન્સીપાલ ડી. એ. ઓડેદરાનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર સીડબલ્યુડીસીનાં સભ્યોએ આ કાર્યક્રમને સંચાલિત કરી સફળ રીતે સંપન્ન કરેલ.

## શહેરમાં એક જ દિવસમાં ૧૪ દિવંગતોની અંતિમક્રિયા નોંધાઈ..

**દિવંગતોમાં ૪૬ વર્ષથી ૯૩ વર્ષની વ્યક્તિઓ જેમાં ૧૦ મહિલાઓ અને ૪ પુરુષોનો સમાવેશ**

ગાંધીનગર, તા.૦૮ મૃત્યુ એકમાત્ર જીવનનું અંતિમ સત્ય છે. આજે ગાંધીનગર શહેરમાં આજે ૧૪ વ્યક્તિઓની અંતિમવિધિ કરાઇ હતી જેમાં શહેરના જ ૧૦ વ્યક્તિઓના મૃત્યુ નોંધાયા હતા. કુલ દિવગંતો પૈકી ૧૨ વ્યક્તિઓની સે.૩૦માં મુક્તિધામ સ્મશાન ખાતે અને ૨ વ્યકિતઓની સરગાસણના રૂદ્રભૂમિ સ્મશાન ખાતે અંતિમક્રિયા કરાઇ હતી. આ દિવંગતોમાં ૪૬ વર્ષથી લઇને ૯૩ વર્ષની વ્યક્તિઓનો સમાવેશ થાય છે અને કુલ દિવંગતોમાં ૧૦ મહિલાઓ અને ૪ પુરુષ મૃતકોનો સમાવેશ થાય છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે ગઇકાલે એટલે કે એક દિવસ અગાઉ માત્ર એક જ દિવંગતની અંતિમવિધિ નોંધાઇ હતી.

શહેરમાં બંને અંતિમધામોમાં નોંધાયેલી મરણની પ્રાપ્ત વિગતો અનુસાર આજે શહેરના સે.૩૦ના મુક્તિધામ ખાતે કુલ ૧૨ દિવંગતોની અંતિમક્રિયા કરાઇ હતી જ્યારે સરગાસણના રૂદ્રભૂમિ ખાતે ૨ દિવગંતોની અંતિમવિધિ યોજાઇ હતી. મુક્તિધામ ખાતે જે દિવંગતોની અંતિમવિધિ કરવામાં આવી તેમાં મહુન્દ્રાના ૬૦ વર્ષીય ડાહીબેન બાદરજી ઠાકોર, સે.૨૯ના ૮૨ વર્ષીય શકરીબેન લક્ષ્મણભાઈ પ્રજાપતિ, સે.૨ના ૬૮ વર્ષીય પ્રકાશકુમાર નટવરલાલ જોષી, સે.૨૦ના ૬૨ વર્ષીય મીનાબેન પ્રકાશભાઈ માંડલિયા, દહેગામ તાલુકાના હાલીસાના ૫૫ વર્ષીય તખાજી મંગાજી ચૌહાણ, સે.૮ના ૯૦ વર્ષીય મેનાબેન રામજીભાઈ ચૌધરી, સે.૨૬ના ૯૦ વર્ષીય રાજીબેન હરજીભાઇ રબારી, વડવાસાના ૭૦ વર્ષીય શણગારબેન બળવંતજી રાઠોડ, જુના પાલજના ૪૬ વર્ષીય હંસાબેન હરીભાઈ ચાવડા, વડોદરા ગામના ૯૩ વર્ષીય શાંતાબેન ફતુભાઇ દંતાણી, સે.૮ના ૭૧ વર્ષીય ઈલાબેન વિનોદચંદ્ર ત્રિવેદી અને સે.૨૨ના ૫૪ વર્ષીય બાલચંદ્રભાઈ જીતેન્દ્રભાઈ ત્રિવેદીનો સમાવેશ થાય છે જ્યારે રૂદ્રભૂમિ અંતિમધામ ખાતે જે બે દિવંગતોની અંતિમવિધિ કરાઇ તેમાં બંને દિવંગતો સરગાસણના હતા જેમાં ૮૩ વર્ષીય પ્રવિણકુંવરબા મહિપતસિંહ જાડેજા અને ૯૩ વર્ષીય ચંદ્રશંકર પ્રેમશંકર પંચોલીનો સમાવેશ થાય છે.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૮
સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગર ખાતે શિક્ષક દિનની ઉજવણીકરવામાં આવી હતી. જેમાં આચાર્ય ડો. એમ જી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ જ બધા તાસનુ આયોજન કરેલ અને બધા વિષયોના તાસ લીધેલ. આચાર્યથી લઇને કારકુનની ભૂમિકા પણ વિદ્યાર્થીઓ જાતે જ ભજવી હતી. કાર્યક્રમના અંતમા વિદ્યાર્થીઓ શિક્ષક બન્યાના પ્રતિભાવો લેવામા આવ્યા હતા. કોલેજના આચાર્ય દ્વારા સર્વે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### ખેલમહાકુંભના વિજેતા ખેલાડીઓ-ટીમને પ્રમાણપત્ર મેળવવા જોગ

ગાંધીનગર, તા.૦૭ જિલ્લા વહિવટી તંત્ર, ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખેલમહાકુંભની વિવિધ સ્પર્ધાઓ શાળા, ગ્રામ્ય, તાલુકા, ઝોન, જિલ્લા, મહાનગરપાલિકા અને ઝોન (ટીમ રમત) તથા રાજ્યકક્ષાએ તાઃ૧૮/૦૨/૨૦૨૨ થી તાઃ૨૯/૦૫/૨૦૨૨ દરમ્યાન યોજાઇ હતી.

ખેલમહાકુંભ-૨૦૨૧-૨૨ જિલ્લા/મહાનગરપાલિકાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય (વ્યક્તિગત તથા ટીમ રમતો)માં જે ખેલાડી વિજેતા થયેલ છે, તેવા વિજેતા ખેલાડીઓએ પ્રમાણપત્ર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર ખાતેથી તાઃ.૨૩/૦૯/૨૦૨૨ સુધીમાં મેળવવાના રહેશે. આ પ્રમાણપત્ર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, 'સી' વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, ગાંધીનગર ખાતેથી રૂબરૂ મેળવી લેવાના રહેશે . આ પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી સબંધિત વિજેતા ખેલાડી, ટીમ, શાળા, સંસ્થાની રહેશે, તેવું જિલ્લા રમતગમત અધિકારીશએ જણાવ્યું છે.

## વિજ્ઞાન વિદ્યાશાખામાં શિક્ષક દિવસ ઉજવાયો



ગાંધીનગર,તા.૦૮
ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વયં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી,જેમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો અને સફળ શૈક્ષણિક કાર્ય કર્યું હતું જેની ખુશી તેમના ચહેરા પર દેખાતી હતી .ડીનની ભૂમિકા રંગાણી દિશા, ઉપડીનની ભૂમિકા પરનાલીયા રાજદીપે અને ગૃહ વિજ્ઞાનના વિભાગીય અધ્યક્ષની ભૂમિકા વંદના ગોયલે ભજવી હતી . પ્રતિભાવ સમારોહમાં સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો જેમાં શિક્ષક બનેલ વિદ્યાર્થીઓ એ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. કાર્યક્રમ માં પ્રાસંગિક ઉદબોધન ડૉ.પારુલ સાધુ એ કર્યું હતું. પ્રીતીબેન શુક્લા અને હોમસાયન્સના વિભાગીય અધ્યક્ષ ઉષાબેન પટેલે આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ.પારુલ સાધુ અને ડૉ કૌશિકભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમ નું સંચાલન શેફાલી ગજ્જર, રોશન ડાકી અને ધાર્મી વૈષ્ણવી એ કર્યું હતું.


## કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે સર્વ નેતૃત્વશિબિર યોજાઇ


ગાંધીનગર,તા.૦૮ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૬૦મી પાંચ દિવસીય નેતૃત્વ તાલીમ શિબિર તાઃ ૦૨ થી ૦૬ સેપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ હતી જેમાં ગાંધીનગર અને કડીની ૨૦ કોલેજમાંથી ૭૧ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. શિબિરમાં ટ્રેઈનર તરીકે શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સ્વ-વિકાસથી લઈ નેતૃત્વના વિવિધ પાસાઓની તાલીમ આપવામાં આવી હતી. આજના યુવાનો હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસ સાથે આગળ વધે, સ્પષ્ટતા સાથે જીવન જીવે, યુવાનો સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીથી વાકેફ થાય તે હતો. વર્ષ ૨૦૦૯થી સતત આ નિવાસી તાલીમ શિબિરનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવે છે. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફ્ટી ને લઈને સમગ્ર ભારતમાં એક્સપર્ટ તરીકે સેવા આપતા અમિતભાઈ ખત્રી દ્વારા ટ્રાફિકની સમસ્યાના ઉકેલ વિશે, ટ્રાફિક ના નિયમો વિષે, વાહન ચલાવતા સમયે કઈ કઈ બાબતનું ધ્યાન રાખવું જોઈએ અને રોડ એક્સિડન્ટ અટકાવવામાં આજના યુવાનો કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેની વિસ્તૃત માહિતી રમુજી અંદાજમાં આપવામાં આવી સાથે સાથે "અમદાવાદના રિક્ષાવાળો" તરીકે જાણીતા ઉદયભાઈ જાદવ ઉપસ્થિત રહીને ગાંધીજીના મૂલ્યો અને સિદ્ધાંતો ને તેમને પોતાના જીવનમાં કેવી રીતે અનુસરણ કર્યું હતું તે વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.



શિબિરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓ પર્યાવરણની જાગૃતિ માટે સુઘડ કાર્યરત ઈહદ્દૈહિદ્વીહં જીદ્દ્રહૈંદ્ધૈંહ Institute ની મુલાકાત કરી હતી જ્યાં દેવેન્દ્રભાઈ પારેખ દ્વારા વિદ્યાર્થીઓને ગાંધીજીની ભાવના તેમજ અસ્પૃશ્યતા, પ્રદૂષણ, સ્વચ્છતા વિશે કેવી રીતે સભાન બની પોતાની શક્તિનો ઉપયોગ કરી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું. નિવાસી શિબિરના અંતે સમાપન સમારોહમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહીને વિવિધ પ્રોજેકટમાં સમાજ ઉપયોગી કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે બાબત ઉપર ચર્ચા કરી હતી. સાથે ઉપસ્થિત વિધાર્થીઓને જાતિ, જ્ઞાતિ, ધર્મના વાડામાંથી ઉપર ઉઠી માનવતાનો ધર્મ અપનાવી, કરિયર સાથે કન્ટ્રી માટે પણ વિચાર કરી આગળ વધવા માટેનું આહવાન કર્યું હતું. સમગ્ર શિબિરનું માર્ગદર્શન કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા અને આયોજન - સંચાલન કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્વ નેતૃત્વ કાર્યક્રમના કોઓર્ડીનેટર ડો.ધર્મેન્દ્ર પટેલ, પ્રો. અંજલિ પટેલ, પ્રો. સુરજ મુંજાણી, પ્રો.રાહુલ સુખડીયા અને પારૂલબેન પટેલ દ્વારા કરવામા આવ્યું હતુ. પૂર્વ તાલીમાર્થી તરીકે અભિષેક પંચાલ અને પ્રાચી રાઠોડ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં ગઢવી સમાજનું સ્નેહમિલન યોજાયું





ગાંધીનગર,તા.૦૮ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાત સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં હોલિસ્ટિક ડેવલપમેન્ટને સાકાર કર્યું છે. ગુજરાત ૨૦ વર્ષની સુદીર્ઘ અને સફળ વિકાસયાત્રાથી દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું ગાંધીનગર ખાતે આયોજિત ગઢવી સમાજના સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, ગુજરાતમાં વિકાસના કામો-યોજનાના લાભ છેવાડાના ગામો સુધી પહોંચતાં થયાં છે. રસ્તા, પાણી, ઊર્જા, સ્વાસ્થ્ય અને શિક્ષણની વ્યવસ્થા સાર્વત્રિક બની છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગુજરાતના વિકાસને સુદ્રઢ અને ગતિશીલ બનાવ્યો છે.

કોરોનાને કારણે અનેક દેશો પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા હતા, તેવા સમયે વડાપ્રધાનશ્રીએ જે કોવિડ મેનેજમેન્ટ કરી બતાવ્યું તેની નોંધ વિશ્વના વિકસીત દેશોએ પણ લીધી છે. કોરોનાને અટકાવવાનાં પગલાં, વેક્સિન-નિર્માણ અને વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન, જેવાં પગલાં દ્વારા વડાપ્રધાનશ્રીએ દેશને મહામારી માંથી સમયસર ઉગાર્યો છે.

આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, બક્ષીપંચ મોરચાના પૂર્વ અધ્યક્ષ શ્રી ભગવાનદાસ પંચાલ, અધ્યક્ષશ્રી ઉદય કાનગડ, શ્રી ઉમેદદાન ગઢવી, શ્રી યોગેશ ગઢવી, શ્રી મેહરભાઈ ગઢવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.